# વેસુના યુવક સાથે ૫૬.૯૨ લાખનું સાયબર ફ્રોડ કરનાર ઝડપાયો

**સોમપુરી** ગોસ્વામીએ ફોરેક્સ ટ્રેડિંગમાં ઊંચા નફાની લાલચ આપી રોકાણ કરાવ્યું હતું

સુરતઃ વેસુ વિસ્તારમાં રહેતા યુવક સાથે ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણના બહાને મોટી સાયબર ફ્રોડનો બનાવ સામે આવ્યો છે. ઠગોએ ઊંચા નફાની લાલચ આપી વિશ્વાસમાં લઈ અંદાજે રૂ.56.92 લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા બાદ સંપર્ક તોડી નાંખતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે. આ કેસમાં પોલીસે મૂળ રાજસ્થાનના અને હાલમાં વડોદરામાં રહેતા સોમપુરી કિશનપુરી સરદારપુરી ગોસ્વામીને (ઉ.વ.૩૮) ઝડપી લીધો છે.

વેસુ વિસ્તારમાં બીગ બજાર નજીક સ્વામી ગુણાતીત નગર સોસાયટીમાં રહેતા કરશનભાઈ અંબારામ ખોખાનો સંપર્ક કરીને સાયબર માફિયાઓએ BOTALPHA.ME નામની વેબસાઇટ પર ફરીયાદીનું એકાઉન્ટ બનાવી આપ્યું હતું. જાન્યુઆરીથી ડિસેમ્બર 2024 તેમની પાસેથી કુલ રૂ.56,92,480 જેટલી મોટી રકમ ટ્રાન્સફર કરાવી ઠગાઇ કરી હતી. રોકાણ પર "TLC Coin" નામની ગિફ્ટ અને દર મહિને ૨ ટકા સુધી કેશ વિથડ્રોલ કરવાની લોભામણી ઓફર બતાવી વિશ્વાસમાં લીધો હતો. આ બનાવની ફરિયાદ થયા બાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત તથા અધિક પોલીસ કમિશનર (ક્રાઈમ) ડો. કરણરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર એમ.સી. નાયકની ટીમે બેંક ટ્રાન્ઝેક્શન તથા ટેકનિકલ ડેટાનો વિશ્લેષણ કરીને આરોપીની ઓળખ મેળવી લીધી હતી.

### ઇવેન્ટ્સના બહાને દુબઈ અને બેંગકોક સહિત કુલ ૧૮ વિદેશ પ્રવાસ કર્યા છે

પકડાયેલો આરોપી સોમપુરી ગોસ્વામી ફરીયાદી દ્વારા કરાયેલા રોકાણના નફા પર ૧૦ ટકા કમિશન મેળતો હતો અને દર મહિને આશરે રૂપિયા ૧.૫૦ લાખ સુધીની આવક કરતો હતો. તે નાસતા ફરતા આરોપી દીપક ગોસ્વામી મારફતે મુખ્ય સૂત્રધાર લવીશ ચૌધરી (દુબઈ) સાથે જોડાયેલ હતો. આરોપીએ કંપનીની ઇવેન્ટ્સના બહાને દુબઈ અને બેંગકોક સહિત કુલ ૧૮ વિદેશ પ્રવાસ પણ કર્યા હતા.

### દેશભરમાં કુલ ૫૦ જેટલી ફરિયાદો નોંધાઈ છે

તપાસ દરમિયાન સામે આવ્યું છે કે ફરીયાદીએ AXIS, SBI અને IDFC બેંકોના કુલ ત્રણ અલગ અલગ ખાતાઓમાં રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આ ખાતાઓની NCCRP પોર્ટલ પર તપાસ કરતાં દેશના વિવિધ રાજ્યોમાંથી કુલ ૫૦ જેટલી ફરિયાદો નોંધાયેલ હોવાનું બહાર આવ્યું છે. આ તમામ ફરિયાદોમાં મળી કુલ રૂપિયા ૧૦.૦૨ કરોડથી વધુની છેતરપિંડી થયેલી હોવાનું સામે આવ્યું છે. આથી સ્પષ્ટ થાય છે કે આ એક સુવ્યવસ્થિત અને આંતરરાજ્ય સ્તરે કાર્યરત સાયબર ફ્રોડ ગેંગ હોવાની શક્યતા છે, જેને લઈને પોલીસે વધુ ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

# પ્રેમીએ ફિનાઈલ પીતા પ્રેમિકાએ તાપીમાં ઝંપલાવ્યું

**પ્રેમી** સારવાર હેઠળ પ્રેમિકાની લાશ મળી

સુરતઃ અમરોલી વિસ્તારમાં પ્રેમસંબંધનો અત્યંત કરુણ અને હૃદયવિદારક અંત આવ્યો છે. એક ઝઘડામાં પ્રેમીએ ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જ્યારે આ ઘટનાથી ભયભીત થઈ ગયેલી પ્રેમિકાએ તાપી નદીમાં કૂદીને પોતાનો જીવ ટૂંકાવી દીધો હતો.

અમરોલી વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતાં પ્રવીણભાઈ મકવાણા રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી 20 વર્ષીય સુમનનો કતારગામ વિસ્તારના હર્ષ નામના યુવક સાથે પ્રેમસંબંધ હતો. બુધવારે સાંજે હર્ષ સુમનના ઘરે આવ્યો હતો. ત્યારે બંને વચ્ચે કોઈ મુદ્દે ઉગ્ર ઝઘડો થયો હતો. ગુસ્સામાં આવી સુમને ફિનાઈલ પીવાનો પ્રયાસ કર્યો, પરંતુ હર્ષે બોટલ ઝૂંટવીને પોતે જ ગટગટાવી દીધું હતું. જેથી તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ ઘટનાથી સુમન માનસિક રીતે તૂટી ગઈ હતી. તે જ રાત્રે તે ઘરેથી થોડીવારમાં આવું છું કહીને નીકળી ગઈ અને તાપી નદીમાં ઝંપલાવી દીધું હતું. બીજા દિવસે તેનો મૃતદેહ કોઝવે બ્રિજ નજીકથી નદીના પાણીમાં રાહદારીને મળી આવ્યો હતો, જેથી તેએ પોલીસને જાણ કરતા ચોક બજાર પોલીસની ટીમ દોડી આવી હતી અને તેના મૃતદેહને સ્મીમેરમાં ખસેડવામાં આવ્યો હતો. દરમિયાન આજે બપોરે સુમનના પરિવારને બનાવની જાણ થતાં તેઓ પણ હોસ્પિટલ દોડી આવ્યા હતા. બનાવને પગલે ચોક બજાર પોલીસના પીએસઆઈ એ.એચ નિનામાએ વધુ તપાસ હાથ ધરી છે.

### પુત્રીના મોતના સમાચાર સાંભળીને માતાને બ્રેઈન હેમરેજ

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ દુઃખદ ઘટનાએ સુમનના પરિવારને તદ્દન તોડી નાખ્યો છે. પિતા પ્રવીણભાઈ માનસિક રીતે અસ્વસ્થ થઈ ગયા છે, જ્યારે માતાને બ્રેઈન હેમરેજ થતાં તેમની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. મૃતદેહ સોંપવાની કાયદાકીય પ્રક્રિયા પણ મુશ્કેલ બની હતી, અંતે બહેનોને સમજાવીને પોલીસે તેમને મૃતદેહ સોંપ્યો હતો. જોકે આ બાબતે પોલીસ પાસેથી કોઈ માહિતી મળી ન હતી.

## મ્યુનિ.કમિ.ની બદલી થતાં જ અધિકારીઓએ ફરી કાંડ કર્યો?

# તક્ષશિલા બાદ ગેરકાયદે શેડ દૂર કર્યા હતાં તો વાવાઝોડામાં કેવી રીતે ઊડ્યાં?



**વાવાઝોડામાં** ડભોલી સિલ્વર સ્ટોનમાં શેડ તૂટી પડ્યો, વરાછાના રુદ્રાક્ષ એપાર્ટમેન્ટમાં શેડ લટક્યો

**દિલ્હીગેટની** ડાયમંડ પ્લાઝા હોટલમાં તો ગેરકાયદે શેડમાં રસોડું બનાવી દેવાયું હતું

સુરતઃ સુરત શહેરમાં અચાનક આવેલા મિનિ વાવાઝોડાએ માત્ર વૃક્ષો અને હોર્ડિંગ્સ જ નહીં ઉખેડ્યા, પરંતુ મનપાના તંત્રની કામગીરીની પણ હકીકત બહાર લાવી દીધી છે. તીવ્ર પવન અને ધૂળભરી આંધીએ અનેક વિસ્તારોમાં નુકસાન સર્જ્યું, પરંતુ સૌથી ચોંકાવનારી બાબત ગેરકાયદે પતરાના શેડના ભુત ફરી સક્રિય બન્યા હોવાની સામે આવી છે.

કમિ.ની બદલી થતાં જ અધિકારીએ ગેરકાયદે શેડની દુકાનો ખાલી નાખી હોવાની ચર્ચા ચાલી રહી છે.

તક્ષશિલા અગ્નિકાંડથી લઈને માર્કેટોમાં લાગતી આગ અને રાજકોટ ગેમ ઝોન જેવી ઘટનાઓ બાદ મનપાએ ગેરકાયદે શેડ સામે કાર્યવાહીનો દાવો કર્યો હતો. દરેક ઝોનમાં ઝુંબેશ ચલાવી શેડ દૂર કરાયા હોવાના આંકડા જાહેર કરાયા હતા. પરંતુ હાલની સ્થિતિ તે દાવાઓને પોકળ સાબિત કરી રહી છે. મિનિ વાવાઝોડા દરમિયાન ડભોલી વિસ્તારમાં સિલ્વર સ્ટોન શોપિંગ સેન્ટરના ત્રીજા માળનો પતરાનો શેડ તૂટી પડ્યો, વરાછા ઝોનના રુદ્રાક્ષ એપાર્ટમેન્ટમાં શેડ લટકી પડ્યો અને દિલ્હીગેટ સ્થિત ડાયમંડ પ્લાઝા હોટેલમાં ગેરકાયદે શેડ હેઠળ ચાલતા રસોડામાં આગ લાગવાની ઘટના બની. આ તો સત્તાવાર નોંધાયેલી ઘટનાઓ છે, જ્યારે શહેરભરમાં અનેક જગ્યાએ પતરા ઉડી જવાની ઘટનાઓ સામે આવી છે.

સવાલ એ છે કે, અગાઉ શેડ દૂર કરવામાં આવ્યા હતા તો હવે ફરી કોણે અને કેવી રીતે ઉભા કર્યા? મનપા તંત્ર ફરી કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે કે શું–એવો સવાલ શહેરમાં ગુંજી રહ્યો છે.

# સુરત મનપામાં ઇ. સિટી ઈજનેરને કન્સલ્ટન્ટ બનાવી દેવાયાની સ્થિતિ

**ડ્રેનેજ,** એન્વાયરોમેન્ટ, ખાડી-કેનાલ એમ્બેકમેન્ટના પ્રોજેક્ટની ફાઈલ ઈ.સિટી ઈજનેરે જોવાની રહેશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં મનપા કમિશનર બાદ સૌથી મહત્વપૂર્ણ ગણાતો ટેકનિકલ વિંગનો વડો સિટી ઈજનેર હોય છે. અગાઉ સિટી ઈજનેર મનપા કમિશનર અને શાસકો વચ્ચે કડીરૂપ બની મહત્વપૂર્ણ નિર્ણયોમાં મુખ્ય ભૂમિકા ભજવતા હતા. પરંતુ તાજેતરના એક ઓર્ડર બાદ આ પદની ગરીમા ઘટતી હોવાની ચર્ચા શરૂ થઈ છે.

ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચની સહીથી જાહેર કરાયેલા આ ઓર્ડર મુજબ, હાલના ઇન્ચાર્જ સિટી ઈજનેરને ડ્રેનેજ વિભાગ, એન્વાયર્મેન્ટ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ પ્રોટેકશન સેલ અને ખાડી-કેનાલ એમ્બેન્કમેન્ટ પ્રોજેક્ટ સંબંધિત ફાઈલોની માત્ર સ્ક્રુટિની કરવાની રહેશે. ત્યારબાદ આ ફાઈલો ડિવિઝનલ હેડ અને ડેપ્યુટી કમિશનર દિનેશ ગુરવ સમક્ષ રજૂ કરાશે. મનપાના ઈતિહાસમાં સિટી ઈજનેર જેવી ચાવીરૂપ પોસ્ટ પર ફરજ બજાવતા અધિકારી માટે આવી જવાબદારી અપમાનજનક ગણાઈ રહી છે. હવે ઇન્ચાર્જ સિટી ઈજનેર પ્રોજેક્ટ અને વિભાગોની ફાઈલો બાબતે માત્ર કન્સલ્ટન્ટ તરીકે કામ કરશે, જેના કારણે તેમની ભૂમિકા ચર્ચાસ્પદ જેવી બની ગઈ હોવાનો અહેસાસ વ્યક્ત થઈ રહ્યો છે. ટેકનિકલ બાબતોમાં નિષ્ણાત કાર્યપાલક ઈજનેરો હોવા છતાં, સિટી ઈજનેરને મધ્યસ્થી તરીકે રાખવાનો નિર્ણય ચર્ચાનો વિષય બન્યો છે. મનપા પરિસરમાં આ ઓર્ડરને લઈ અધિકારીઓમાં ગરમાગરમ ચર્ચા ચાલી રહી છે.

# જંગલોમાં આદિવાસી બની પોલીસે 18 વર્ષથી ફરાર આરોપીને ઝડપી લીધો

**50 રૂપિયાના** ઝઘડામાં યુવકની હત્યા કરી ફરાર થયો હતો



સુરતઃ વરાછા વિસ્તારમાં વર્ષ 2008માં માત્ર 50 રૂપિયા જેવી નજીવી રકમની ઉઘરાણીમાં યુવકની નિર્મમ હત્યા કરી, છેલ્લા 18 વર્ષથી પોલીસને હંફાવતા રીઢા ગુનેગાર રાજેશ રાયને પોલીસે ઝારખંડના ગાઢ જંગલોમાંથી ફિલ્મી ઢબે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ ઓપરેશન પાર પાડવા માટે સુરત પોલીસની ટીમે સાત દિવસ સુધી ઝારખંડના જંગલોમાં આદિવાસીનો વેશ ધારણ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, વર્ષ 2008માં વરાછામાં મૂળ ઝારખંડનો રહેવાસી અને હાલ 40 વર્ષીય આરોપી રાજેશ ઉર્ફે રાકેશ રોશને બબલુ નામના યુવક પાસે પોતાના બાકી નીકળતા માત્ર 50 રૂપિયાની માંગણી કરી હતી. આ નજીવી રકમ બાબતે થયેલા ઝઘડામાં રાજેશે બબલુની કરપીણ હત્યા કરી ફરાર થઈ ગયો હતો.

હત્યા બાદ આરોપી રાજેશ પોલીસના સકંજામાંથી બચવા માટે ઓળખ છુપાવીને અલગ-અલગ રાજ્યોમાં મજૂરી કામ કરતો હતો અને ક્યારેય એક જગ્યાએ લાંબો સમય રોકાતો નહોતો. વરાછા પોલીસને આ ગુનામાં ફરાર આરોપી હાલ ઝારખંડના દુમકા જિલ્લાના ગાઢ જંગલ વિસ્તારમાં છુપાયો હોવાની બાતમી મળી હતી. આરોપી અત્યંત સતર્ક હોવાથી જો પોલીસ ગણવેશમાં અથવા સામાન્ય રીતે જાય તો તે ભાગી છૂટે તેમ હતો. આથી, વરાછા પોલીસની એક વિશેષ ટીમે ઝારખંડના દુમકાના જંગલોમાં પહોંચીને સ્થાનિક આદિવાસી જેવો જ વેશ ધારણ કર્યો હતો.

સતત 7 દિવસ સુધી જંગલના પ્રતિકૂળ વાતાવરણમાં રહી, સ્થાનિકો સાથે ભળી જઈને પોલીસે આરોપીની હિલચાલ પર વોચ રાખી હતી. અંતે, 19 માર્ચ, 2026ના રોજ પોલીસે આરોપીને ચોતરફથી ઘેરીને દબોચી લીધો હતો. 18 વર્ષ જૂના આ હત્યાના ગુનામાં આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મનપાની ભરતીમાં સ્થાનિકોને પ્રાધાન્ય આપવાની મજૂર સંઘની માંગ

**જે ઉમેદવાર** ઓછામાં ઓછા 5 વર્ષથી સુરતમાં વસવાટ કરતો હોય તેને પ્રાથમિકતા મળવી જોઈએ

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કેડરની કુલ 2295 જગ્યાઓ પર ભરતી માટે જાહેરનામું બહાર પાડવામાં આવતા, હવે સ્થાનિકોને પ્રાધાન્ય આપવાની માંગ તેજ બની છે. સુરત મનપા મજૂર સંઘે આ મુદ્દે તંત્ર સમક્ષ સત્તાવાર રજૂઆત કરી છે. સુરત મનપાની ચુંટણીના પડઘમ વચ્ચે આ મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બને તેવા ભણકારા વાગી રહ્યાં છે.

મજૂર સંઘના આગેવાનોના જણાવ્યા મુજબ, મનપાનું સંચાલન શહેરના નાગરિકોના વેરાથી ચાલે છે, ત્યારે નોકરીમાં પણ સ્થાનિક લોકોને ન્યાય મળવો જોઈએ. સંઘે માંગ કરી છે કે, જે ઉમેદવાર ઓછામાં ઓછા પાંચ વર્ષથી સુરત શહેરમાં વસવાટ કરતો હોય અને તેનો પુરાવો રજૂ કરે, તેને ભરતી પ્રક્રિયામાં પ્રાથમિકતા આપવામાં આવે. આ અંગે સંઘના પ્રમુખ હંસાબેન બાબરીયા, મહામંત્રી સંજય સોલંકી સહિતના હોદ્દેદારો મહેશ સોલંકી, વિરેન્દ્ર સોલંકી, અજય સોલંકી, હીતેશ સુરતી, મયુર પટેલ અને વિજય સુરતીએ સંયુક્ત રીતે રજૂઆત કરી છે.

તેઓએ જણાવ્યું હતું કે, બહારથી આવતા ઉમેદવારોની સરખામણીએ સ્થાનિક યુવાનોને રોજગારની તક ઓછી મળે છે, જેને ધ્યાનમાં રાખી નીતિમાં ફેરફાર કરવો જરૂરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અન્ય શહેરોની પાલિકા અને મહાનગર પાલિકામાં પણ સ્થાનિકોને પ્રાધાન્ય આપવામાં આવે છે. તેવી જ રીતે સુરત પણ પહેલા સ્થાનિક અને ત્યારબાદ દક્ષિણ ગુજરાતને પ્રાધાન્ય આપે તે યોગ્ય બાબત કહી શકાય તેમ છે.

### સાયબર ફ્રોડના આરોપીની જામીન અરજી નામંજૂર

સુરતઃ આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ અને ગેમિંગ મની લોન્ડરિંગ કેસમાં આરોપી ગૌરવ પવનકુમાર જોષીની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. આરોપીઓએ મળી એક આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઇમ સિન્ડિકેટ રચી હતી, જેમાં નકલી કંપનીઓ અને NGOના નામે બેંક એકાઉન્ટ ખોલવામાં આવ્યાં હતાં. કમ્બોડિયા અને નેપાળના લોકો સાથે મળીને ઓનલાઈન ગેમિંગ અને સાયબર ફ્રોડની રકમ હેરફેર કરવામાં આવી હતી. આરોપીની કંપની એસએસએ ક્લાઉડ ઈન્ડિયા પ્રા.કંપની મારફતે જ લગભગ ૫૯ કરોડથી વધુ ટ્રાન્ઝેક્શન થયાં હતાં. દેશભરમાં છ એફઆરઆઈ નોંધાઈ ચૂકી છે. તેણે કરેલી જામીન અરજીનો ફરિયાદ પક્ષે સરકારી વકીલ આરપી ડોબરિયાએ કરેલી દલીલના આધારે કોર્ટે આરોપી જામીન અરજી નામંજૂર કરી હતી.

# સુરતમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ઉપયોગ માટે ૧૦૦ અરજીને મંજૂરી

**જિલ્લા** તંત્ર દ્વારા શૈક્ષણિક સંસ્થાઓથી લઈને રેસ્ટોરન્ટ અને કેન્ટીન સુધી પ્રાથમિકતા

સુરતઃ મિડલ ઈસ્ટ દેશોમાં ચાલી રહેલા યુદ્ધોના પ્રત્યાઘાત હવે સ્થાનિક સ્તરે પણ જોવા મળી રહ્યા છે. ખાસ કરીને ગેસ સપ્લાય પર તેની સીધી અસર થતાં સુરત શહેરમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછત સર્જાઈ છે. આ પરિસ્થિતિમાં ગેસનો યોગ્ય અને નિયંત્રિત ઉપયોગ થાય તે માટે જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા સખત નિયંત્રણ સાથે મંજૂરી પ્રણાલી અમલમાં મુકાઈ છે. આજે ૧૦૦ અરજી મંજૂર કરી હતી.

હાલની પરિસ્થિતિ મુજબ કોમર્શિયલ ગેસ સિલિન્ડર હવે પુરવઠા વિભાગની મંજૂરી વગર ઉપલબ્ધ નથી. જરૂરી સેવાઓ અને સંસ્થાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે, જેથી જનજીવન પર ઓછી અસર થાય. આજ રોજ જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા શહેરમાં કુલ ૧૦૦ જેટલા કોમર્શિયલ ગેસ સિલિન્ડર માટે મંજૂરી આપવામાં આવી હતી. જેમાં વિવિધ ક્ષેત્રોને આવરી લેવાયા છે. મંજૂરી મળનારામાં 15 સ્કૂલ-કોલેજ, 1 વૃદ્ધાશ્રમ અને 1 શેલ્ટર હોમનો સમાવેશ થાય છે, જેથી શિક્ષણ અને સામાજિક સેવાઓ સતત ચાલુ રહી શકે. ઉપરાંત, 4 ડેરી ઈન્ડસ્ટ્રીને પણ મંજૂરી આપવામાં આવી છે, જેથી દૂધ અને દૂધ ઉત્પાદનોની સપ્લાયમાં કોઈ વિક્ષેપ ન આવે. ખાદ્ય સેવાઓ સાથે જોડાયેલા ક્ષેત્રોમાં 51 રેસ્ટોરન્ટ ઈન્ડસ્ટ્રીને ગેસ સિલિન્ડર માટે મંજૂરી આપવામાં આવી છે. ઉપરાંત, 10 ઈન્ડસ્ટ્રિયલ કેન્ટીન અને 9 કોર્પોરેટ કેન્ટીનને પણ ગેસ ફાળવવામાં આવ્યો છે, જેથી કામદારો અને કર્મચારીઓને ભોજનની સુવિધા જળવાઈ રહે. ધાર્મિક સેવાઓને ધ્યાનમાં રાખીને 9 ધાર્મિક ટ્રસ્ટને પણ કોમર્શિયલ ગેસ સિલિન્ડર માટે મંજૂરી આપવામાં આવી છે.

# લિક્વિડ ગટગટાવી યુવાન માતાના ખોળામાં સૂઈ ગયો

**આપઘાત** કરનાર યુવાને ગરમી થતાં ટીશર્ટ પણ ફાડી નાંખ્યું

સુરતઃ જીયાવમાં બેકાર બેસેલા યુવકે બ્લીચિંગ લિક્વિડ પી લેતા મોત નિપજ્યું હતું. જેકીકુમાર લિક્વિડ પીધા બાદ ઘરની બહાર વાવાઝોડુ જોવા બેસેલી માતાના ખોળામાં જઈને સૂઈ ગયો હતો.

મૂળ માંડવીના વતની દિનેશભાઈ મિસ્ત્રી હાલ જીયાવ બુડિયા રોડ પર આવેલ પ્રિયંકાસિટી ગોલ્ડ સોસાયટીમાં પરિવાર સાથે રહે છે અને મજૂરી કામ કરે છે. તેના સંતાન પૈકી 34 વર્ષીય પુત્ર જેકીકુમારે ગુરુવારે રાત્રે ઘરમાં બ્લીચીંગ લિક્વિડ પી લીધું હતું. લિક્વિડ પીધા બાદ જેકીકુમાર ઘરની બહાર વાવાઝોડુ જોવા બેસેલી માતાના ખોળામાં આવીને સૂઈ ગયો હતો. ત્યારબાદ તેને અતિશય ગરમી થતા તેએ ટીશર્ટ પણ ફાડી નાખ્યું હતું. જેકીકુમારની બદલાયેલા વયવહારને જોઈને પરિવારને શંકા જતા સમગ્ર હકીકત સામે આવી હતી. જેથી તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન આજે બપોરે તેનું મોત નિપજ્યું હતું. બેકાર બેસીને જીવન જીવતા તણાવમાં આવીને જેકીકુમારે આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

# 30 દિવસના રોઝા બાદ આજે ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી થશે

**અમેરિકા,** કેનેડામાં રમઝાન ઇદની ઉજવણી શુક્રવારે જ થઇ ગઇ



સુરતઃ આવતીકાલે શનિવારે સુરત સહિત દેશભરમાં ઇદ-ઉલ-ફિત્ર (રમઝાન ઈદ) ની ઉજવણી કરવામાં આવશે. ઈસ્લામ ધર્મમાં પવિત્ર રમઝાન માસ પૂર્ણ થયા બાદ ચાંદ જોવા સાથે ઇદ-ઉલ-ફિત્ર ઉજવવામાં આવે છે. એક મહિના સુધી રોજા (ઉપવાસ), ઈબાદત, દાન અને સ્વાનુશાસન બાદ આ તહેવાર ખુશીઓ, ભાઈચારો અને એકતાનું પ્રતિક છે.

અમેરિકા-કેનેડામાં વસતા મુસ્લિમ બિરાદરોએ ભક્તિભાવ અને ભારે ઉત્સાહથી રમઝાન ઇદ ઉલ ફિત્રની ઉજવણી ઇદગાહ સહિત મસ્જિદોમાં રમઝાન ઇદની નમાઝ અદા કરી હતી. પવિત્ર રમઝાન મહિના દરમિયાન રોજા રાખી પરવર દિગારની ઈબાદત કર્યા બાદ ગુરુવારના દિવસે અમેરિકા-કેનેડામાં ચાંદ દેખાયો હોવાની સેન્ટ્રલ હિલાલ કમિટીએ જાહેરાત કરી હતી. આજે શુક્રવારના દિવસે વહેલી સવારે મુસ્લિમો ભેગા મળી ઈદ ઉલ ફિત્રની નમાઝ અદા કરી એકબીજાને ઈદ મુબારક પાથવી હતી. ઈદની નમાઝ હાફેજ મોહમદશફી, મૌલાના સકીલ તેમજ હાફેજ ઉઝેર ખલીફા એ પઢાવી હતી. ઈસ્લામના અનુયાયીઓ એક મહિનો ઉપવાસ રાખી શક્ય હોય તે પ્રમાણે દિવસ દરમિયાન નમાઝ અદા કરે છે. જોકે, ઈદનો ચાંદ દેખાતાની સાથે જ ઈદ ઉલ ફિત્રની રાત્રીનો પ્રારંભ થઈ જાય છે. મુસ્લિમ બિરાદરો આ રાત્રીએ ઈબાદત કરવા માટે જાગરણ કરે છે. બોસ્ટન, ન્યૂયોર્ક, ન્યુજર્સીમાં ઈદુલ ફિત્રની (રમઝાન )ઈદની ઉલ્લાસભેર ઉજવણી થઈ હતી. બર્લિંગ્ટન- બિલેરીકા મસ્જિદમાં મુસ્લીમ બિરાદરોએ ઈદુલ ફિત્રની (રમઝાન )ઈદની નમાઝ અદા કરતા પહેલાં મૌલાના એ બયાન ફરમાવ્યુ હતુ.

## 'આપણે લગ્ન કરી લેવાના છે' તેમ કહી દુષ્કર્મ કરનાર સામે ગુનો

સુરતઃ અમરોલીના વિસ્તારમાં રહેતા એક યુવકે પોતાની જ સોસાયટીમાં રહેતી કિશોરી સાથે મિત્રતા કેળવી તેને પ્રેમ અને લગ્નના વચનો આપી ફોસલાવી હતી અને બાદમાં દુષ્કર્મ આચર્યું હતું. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરના સમયે આરોપીએ કિશોરીને મળવા માટે પોતાના ઘરે બોલાવી હતી. કિશોરી ત્યાં પહોંચતા આરોપીએ તેને પોતાના ઘરના બેડરૂમમાં લઈ જઈ "હવે આપણે લગ્ન કરી લેવાના છે" કહી બળજબરીથી શારીરિક સંબંધ બાંધી દીધા હતા. કિશોરીના વિરોધ છતાં દુષ્કર્મ આચર્યું હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.ઘટના બાદ આરોપીએ કિશોરીને આ બાબત કોઈને જણાવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેના કારણે કિશોરી ડરી ગઈ હતી. જોકે અંતે કિશોરીએ હિંમત કરી સમગ્ર હકીકત પરિવારજનોને જણાવી હતી. પરિવારજનોએ તરત જ અમરોલી પોલીસ સ્ટેશનમાં જઈ ફરિયાદ નોંધાવી હતી.


